## ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધનભવન, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.


# મધ્યસ્થ સમિતિના સભ્યપદ માટેની ચૂંટણીનું ઉમેદવારીપત્ર / (૨૦૧૮-૨૦૨૦)

૧. જે મતદાર મંડળમાંથી ઉમેદવારી કરવી હોય તેની સામે ખરાની નિશાની કરો.

સામાન્ય સભ્યો / આજીવન સભ્યો ______ ☐ દાતા ______ ☐

સંવર્ધક ______ ☐ સભ્યસંસ્થા ______ ☐

૨. પૂરું નામ : (શરૂઆત અટકથી કરવી) ______

૩. સરનામું : ______

______

૪. જન્મ તારીખ : ______ વય (ફકત પૂરાં વર્ષોમાં) ______

૫. પ્રસિદ્ધ થયેલા સ્વરચિત ગુજરાતી ગ્રંથો (ગ્રંથસંખ્યા વધારે હોય તો સાથે અલગ યાદી જોડો.)

| | ગ્રંથનું શીર્ષક | પ્રકાશન | પ્રકાશન વર્ષ |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |

૬. ગુજરાતીમાં સામયિકોમાં પ્રસિદ્ધ કૃતિઓ :

| | કૃતિનું શીર્ષક | કૃતિનો પ્રકાર | જે સામયિકોમાં કૃતિ પ્રકાશિત થઈ હોય તેનું નામ | પ્રકાશન વર્ષ |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |
| ૬. | | | | |
| ૭. | | | | |
| ૭. | | | | |
| ૯. | | | | |
| ૧૦. | | | | |

૭. દરખાસ્ત કરનાર સભ્યનું નામ અને સરનામું : ______

______

૮. દરખાસ્ત કરનાર સભ્યની સહી : ______

૯. ટેકો આપનાર સભ્યનું નામ અને સરનામું : ______

______

૧૦. ટેકો આપનાર સભ્યની સહી : ______

૧૧. આથી હું જાહેર કરું છું કે હું ગુજરાતી સાહિત્ય પરિષદનો સામાન્ય/આજીવન સભ્ય/દાતા/સંવર્ધક/સંસ્થા પ્રતિનિધિ સભ્ય છું અને ઉપર દર્શાવ્યા પ્રમાણે મારા મતદાર મંડળમાંથી મધ્યસ્થ સમિતિના સભ્યપદની ચૂંટણી માટે મારી ઉમેદવારી નોંધાવું છું. ઉપર જણાવેલી તમામ હકીકતો સાચી છે તેની હું આથી ખાતરી આપું છું.

તારીખ : ઉમેદવારની સહી :

સૂચના : જે કઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું. નં. ૫ અને ૬ વાળી વિગતો પૈકી કોઈ પણ એક ભરાઈ હશે તો પૂરતી ગણાશે. સભ્યસંસ્થાના ઉમેદવારે સંસ્થાનું નામ અને સંસ્થાએ એમના માટે પ્રતિનિધિત્વ અંગેનો કરેલો ઠરાવ ઉમેદવારીપત્ર સાથે જોડવાનો રહેશે.

ઉમેદવારની જાણ માટે મધ્યસ્થ સમિતિની ચૂંટણીને લગતી બંધારણની જરૂરી કલમો પાછળ છાપી છે.

## પરિષદની મધ્યસ્થ સમિતિ

કલમ ૫-અ પરિષદની નીતિવિષયક બાબતો અંગેનો નિર્ણય નીચે પ્રમાણે બનેલી મધ્યસ્થ સમિતિ કરશે :

ક. પરિષદના જે તે સમયના પ્રમુખ

૧. જે-તે સંમેલનના પ્રમુખ ગુજરાતી સાહિત્ય પરિષદના તેમજ તેની કાર્યવાહક-મધ્યસ્થ સમિતિના પણ પ્રમુખ ગણાશે.

૨. કોઈ પણ કાર્યવાહી દરમિયાન નીતિનિયમોના અર્થઘટન અંગે પ્રમુખશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૩. પ્રમુખની મુદત તેઓ પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળે ત્યારથી ત્રણ વર્ષની રહેશે.

ખ. પરિષદે નિયુક્ત કરેલા સાતથી વધારે નહિ એટલા સન્માન્ય સભ્યો.
(નોંધ : આ સન્માન્ય સભ્યો નિયુક્ત કરવા માટે મધ્યસ્થ સમિતિ દ્વારા સૂચવાયેલાં નામોમાંથી વરણી કરવાનું કામ પરિષદના વર્તમાન પ્રમુખ, એક ભૂતપૂર્વ પ્રમુખ અને વરાયેલા પ્રમુખની સમિતિ કરશે.)

ગ. સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા પરિષદના સામાન્ય સભ્યો તેમજ ચૂંટણીના ત્રણ વર્ષ પૂર્વે નોંધાયેલા આજીવન સભ્યોએ ચૂંટેલા ચાલીસ સભ્યો.

ઘ. ગુજરાતી સાહિત્ય પરિષદના તંત્રવાહકોમાં વધુ ને વધુ સાહિત્યકાર અને સાહિત્યસેવી સામેલ થાય તે દૃષ્ટિએ મધ્યસ્થ સમિતિના ચૂંટાયેલા ૪૦ સભ્યો ઉપરાંત બીજા ૫ સભ્યોની નિયુક્તિ નિવૃત્ત થતી કાર્યવાહક સમિતિ ચૂંટણી થયા બાદ અને નવી મધ્યસ્થ સમિતિ કાર્યરત થાય તે પૂર્વે કરશે. આ માટે મહામંત્રી નિવૃત્ત થતી મધ્યસ્થ સમિતિના સભ્યો પાસે છેલ્લી ચૂંટણીમાં ઊભા રહ્યા ન હોય તેવા અને સર્જન તથા સ્વાધ્યાય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી ધરાવતા હોય તેવા સાહિત્યકારોનાં નામ મંગાવશે. મળેલાં નામોમાંથી કાર્યવાહક સમિતિ પાંચ સભ્યોની વરણી કરશે. આ ૫ સભ્યો મધ્યસ્થ સમિતિના નિમંત્રિત સભ્યો ગણાશે. (નિમંત્રિત સભ્યને ચર્ચામાં ભાગ લેવાનો અધિકાર રહેશે. મતાધિકાર રહેશે નહીં.)

ચ. દાતાઓના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો

છ. સંવર્ધકોના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો

જ. સભ્યસંસ્થા વિભાગમાંથી ચૂંટાયેલા પાંચ સભ્યો
નોંધ : ઉપર્યુક્ત સભ્ય સંસ્થાઓએ ચૂંટવાના મધ્યસ્થ સમિતિના પાંચ સભ્યોની જગ્યાઓ ઉપર એ જ સભ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઊભા રહી શકશે જે સંસ્થાઓએ પોતાના પ્રતિનિધિને ઊભા રાખતી વખતે ફોટો, ઓળખપત્ર અને સહીનો નમૂનો મોકલ્યાં હશે. સંસ્થા વતી મતદાન કોણ કરશે તે અંગે ઠરાવ કરીને તેની જાણ કરવાની રહેશે.
(નોંધ : આ ત્રણેય (ચ, છ અને જ) વિભાગોમાં ઊભા રહેલા સભ્યોને પણ સમગ્ર મતદારો મત આપશે.)

ઝ. ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીઓ.

ટ. મધ્યસ્થ સમિતિ વધુમાં વધુ ચાર સભ્યો કો-ઑપ્ટ કરી શકશે.

કલમ ૫-બ મધ્યસ્થ સમિતિની રચના નીચે મુજબ રહેશે.

૧. વર્તમાન પ્રમુખ અને તમામ ભૂતપૂર્વ પ્રમુખો

૨. ટ્રસ્ટીઓ

૩. કલમ-૫-ગ અન્વયે ચૂંટાયેલા સભ્યો - ચાલીસ

૪. કાર્યવાહક સમિતિએ વરણી કરેલા સભ્યો - પાંચ

૫. મધ્યસ્થ સમિતિએ કોઓપ્ટ કરેલા સભ્યો - ચાર

૬. સંસ્થાના પ્રતિનિધિઓ - પાંચ

૭. સંવર્ધકોના પ્રતિનિધિઓ - ચાર

૮. દાતાના પ્રતિનિધિઓ - ચાર

૯. સન્માન્ય સભ્યો - સાત

૧૦. અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ અને મંત્રી - બે સભ્યો. તેમની મુદત એક વર્ષની રહેશે.

કલમ ૬. મધ્યસ્થ સમિતિના સભ્યોની ચૂંટણી.
કલમ ૫-ગ, ૫-ચ, ૫-છ, ૫-જમાં દર્શાવેલા સભ્યોની ચૂંટણી Compulsory Distributive Votingની પદ્ધતિથી (અર્થાત્ જેટલી સભ્ય-સંખ્યા મુકરર થઈ હોય તેટલી સંખ્યા જેટલા ઉમેદવારોને ફરજિયાત મત આપવા તે પદ્ધતિથી)થશે.

કલમ ૭. કલમ ૫ ગ-ચ-છ અને જ માં દર્શાવેલા સભ્યોની ચૂંટણીની બાબતમાં સભ્યપદના પ્રત્યેક ઉમેદવારે નિયત થયેલું અને યોગ્ય રીતે સ્વયંપ્રમાણિત કરેલું ઉમેદવારી પત્રક (નૉમિનેશન પેપર) ભરવાનું રહેશે.

કલમ ૮. કલમ-૫ની પેટાકલમો ગ, ચ, છ અને જમાં દર્શાવેલા મધ્યસ્થ સમિતિના સભ્યપદની ઉમેદવારી કરનારની યોગ્યતા નીચે મુજબની હોવી જોઈએ.

૧. તેણે ૧૮ વર્ષ પૂરાં કર્યા હોય.

૨. ઉમેદવારી કરતાં અગાઉ સતત ત્રણ વર્ષ સુધી તે પરિષદના સભ્ય રહ્યા હોય અથવા ત્રણ વર્ષ પૂર્વે આજીવન સભ્ય થયા હોય.

૩. તેનું ઓછામાં ઓછું એક ગુજરાતી પુસ્તક પ્રસિદ્ધ થયું હોય અથવા પ્રતિષ્ઠિત ગુજરાતી સામયિકોમાં તેના ઓછામાં ઓછા દસ સંશોધન-વિવેચન લેખો પ્રસિદ્ધ થયા હોય અથવા દસ સર્જનાત્મક કૃતિઓ પ્રસિદ્ધ થયેલી હોય.

કલમ ૯. નિયત કરેલા સમયમાં મળેલાં અને માન્ય ઠરેલાં ઉમેદવારી પત્રકો ઉપરથી વર્ણાનુક્રમે મતપત્રક તૈયાર કરવામાં આવશે અને પરિષદના દરેક સભ્યને પરિષદનું ચૂંટણીકાર્યાલય રજિસ્ટર્ડ પોસ્ટથી કે સ્પીડ પોસ્ટથી સંબંધિત મતપત્રક મોકલી આપશે.

કલમ ૧૦. મતપત્રકો પાછાં ફર્યા પછી ચૂંટણી-અધિકારી મતગણતરી કરશે અને ચૂંટણીનું પરિણામ જાહેર કરશે.

કલમ ૧૧. વર્ષ દરમિયાન મધ્યસ્થ સમિતિની ઓછામાં ઓછી બે બેઠકો યોજવામાં આવશે અને એ બેઠકોમાં મધ્યસ્થ સમિતિના સભ્યે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે.